# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૨૩/૭/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

## ચેમ્બરની લેડીઝ વિંગે ઓએસિસ સિરામિકસ અને સોલાર એનર્જીથી ચાલતા ફૂડ પ્રોસેસિંગ પ્લાન્ટની ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ કરી

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની લેડીઝ વીંગે સોમવારે, તા. ૨૨ જુલાઇ ૨૦૧૯ના રોજ અંકલેશ્વર ખાતે આવેલી ઓએસિસ સિરામિકસ પ્રા.લિ. અને પીપોદરા ખાતે આવેલી તાપી ફૂડ પ્રોસેસિંગ પ્રા.લિ.ની ઈન્ડસ્ટ્રીયલ મુલાકાત લીધી હતી. મોટાભાગે મહિલા કર્મચારીઓ દ્વારા બનાવવામાં આવતી બોન અને ચાઇના કલેની માટીની વિવિધ સામગ્રીનો લેડીઝ વીંગ દ્વારા અભ્યાસ કરવામાં આવ્યો હતો. એવી જ રીતે સોલાર એનર્જીથી બનાવવામાં આવતી ખાણીપીણીની ચીજવસ્તુઓ વિશે માહિતી મેળવી હતી.

ચેમ્બરની લેડીઝ વીંગના ચેરપર્સન શ્રીમતી પૂર્વીબેન મહેતાએ જણાવ્યુ હતુ કે, લેડીઝ વીંગની ૧૭ જેટલી મહિલા સભ્યોએ ગુજરાતના ઇન્ડસ્ટ્રીયલ વિસ્તાર એવા અંકલેશ્વર ખાતે આવેલી ઓએસિસ સિરામિકસ પ્રા. લિ.ની મુલાકાત લીધી હતી. આ કંપની દ્વારા બનાવવામાં આવતી સામગ્રીમાં રો મટિરિયલ તરીકે બોન અને ચાઇના કલેની માટીનો ઉપયોગ કરવામાં આવે છે. બોન અને ચાઇના કલેની માટીનો મોટા વેસલમાં લીકવીડ ફોર્મમાં ફેરવવામાં આવે છે અને જુદા–જુદા આકાર આપીને કપ, મગ, બાઉલ, રકાબી, ઢાંકણા તેમજ ક્રોકરીની અલગ અલગ વસ્તુ બનાવવામાં આવે છે. મહિલાઓ દ્વારા હાથથી તેમજ મશીનથી વિવિધ સામગ્રીને પરફેકટ શેપ આપવામાં આવે છે. ત્યારબાદ સામગ્રીને ઉચા તાપમાને તૈયાર કરવામાં આવે છે.

તેમણે જણાવ્યુ હતુ કે, અગત્યની બાબત એ હતી કે આ વસ્તુઓને કાચના લીકવીડમાં ડુબાડીને બહાર કાઢી ગરમ કરવામાં આવે છે. વસ્તુ પુર્ણપણે બનતા પહેલા તેને ત્રણ વખત ભઠ્ઠીમાં અનુક્રમે ૧૧૦૦, ૧૦૫૦ અને ૭૫૦ સેલ્સીયસ ડીગ્રીમાં ગરમ કરવામાં આવે છે. આથી ક્રોકરીની વસ્તુઓ આકર્ષક દેખાતી હતી. ત્યારબાદ વિવિધ ડિઝાઇન એની ઉપર દોરવામાં આવતી હતી. તેમણે કહયુ કે આ સમગ્ર પ્રક્રિયા નિહાળવાની અને સમજવાની ખૂબ

જ મજા આવી હતી. આ કંપનીમાં મોલ્ડીગ, ફિનીશીગ, ડેકોરેશન અને પેકેજિંગ વિભાગમાં ૧૫૦ જેટલી મહિલા કર્મચારીઓને રોજગાર મળે છે. પુરુષ કર્મચારીઓ પણ અહી કામ કરે છે. પણ સ્ત્રીઓના હાથની કારીગરી અને મશીનરીનો સુગમ સમન્વય નિહાળીને લેડીઝ વીગ અચંભિત થઇ ગઇ હતી. આ કંપનીની મુલાકાત માટે કંપનીના સીઇઓ શ્રી લલિત શાહનો સહકાર મળ્યો હતો.

શ્રીમતી પૂર્વીબેને વધુમાં જણાવ્યુ હતુ કે, લેડીઝ વીગે ઓએસિસ સિરામિકસ બાદ પીપોદરા ખાતે આવેલી તાપી ફૂડ પ્રોસેસિંગ પ્રા.લિ.ની મુલાકાત લીધી હતી. આ કંપનીમાં ફૂડ પ્રોસેસિંગ માટે સોલારથી ઉત્પન્ન થતી એનર્જીનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્લાન્ટમાં જરૂરી વરાળ મોટાભાગે સોલાર એનર્જીથી મેળવવામાં આવે છે. સાથે દેશી પદ્ધતિનું બોઇલર પણ ઉપયોગમાં લેવાય છે. અહી વિવિધ શરબતો, સોસ, ફ્રુટ જેલી, ફ્રુટ કેન્ડી જેવી બનાવટો બનાવવામાં આવે છે. જેમાં મુખ્યત્વે સુગર અને ફલેવર્ડ ફ્રુટ સીસનો ઉપયોગ કરીને લીકવીડ ફોર્મ તૈયાર કરીને વિવિધ આકાર આપીને તૈયાર કરી પેક કરવામાં આવે છે.

તેમણે વધુમાં કહયુ કે આ પ્લાન્ટમાં જાતજાતની કેરી, આંબળા વિગેરેની સૂકવણી પણ તૈયાર કરવામાં આવે છે. પ્લાન્ટમાં મહિલા કર્મચારીઓ મોટી સંખ્યામાં કામ કરે છે. પ્લાન્ટની મુલાકાત માટે કંપનીના સીઇઓ શ્રી ઘનશ્યામ લુખીનો સાથ સહકાર મળ્યો હતો. પ્લાન્ટની મુલાકાત ખૂબ જ માહિતીસભર બની રહી હતી. આવા પ્રયાસો દ્વારા મહિલા કાર્યકર્તાઓને મોટા પ્રમાણમાં રોજીરોટી મળી રહે તે તેનું ખૂબ જ મોટું જમા પાસું છે તેમ કહી શકાય.